# શબ્દકોશ

## અ

**અકાસીઆ** અથવા "શિત્તિમ" યર્દન નદીની પૂર્વે આવેલું નગર.

**અકીક** એક કિંમતી પથ્થર જેમાં ભૂરા અથવા ભૂખરા રંગના ઘણાં સ્તર હોય છે.

**અઝાઝેલ** અથવા "બલિનો બકરો" આ શબ્દનો ચોક્કસ અર્થ જાણમાં નથી પણ સામાન્ય રીતે એવી માન્યતા છે કે આ બકરો લોકોના પાપોનું વહન કરે છે.

**અંદરની ઓરડી** શાબ્દિક રીતે "બઆલના મંદિરનું શહેર."

**અદોમ** આનો અર્થ થાય છે "લાલ."

**અધિકૃત માપ** શાબ્દિક રીતે "પવિત્ર શેકેલ" મંદિરમાં વપરાતું અધિકૃત પ્રમાણિત માપ.

**અનાકીતો** "અનાક"ના વંશજો. કદાવર અને લડાયક શકિતશાળી માણસો માટે પ્રખ્યાત કુળકુટુંબ. જુઓ ગણના 13:33

**અભિષેકનું તેલ** શ્રેષ્ઠ પ્રકારનું જૈતુનનું તેલ જે લોકો અથવા વસ્તુઓ ઉપર રેડવામાં આવતું.એમ બતાવવા કે તેઓ કોઈ ખાસ કામ અથવા હેતું માટે પસંદ કરાયા છે.

**અભિષિક્ત** કોઈ વ્યકિતના માથા ઉપર જૈતુનનું તેલ રેડીને બતાવવું કે તે વ્યકિત રાજા, યાજક અથવા પ્રબોધક તરીકે દેવ દ્વારા પસંદ કરાઈ છે.

**અમોરીઓ** ઈસ્રાએલીઓ ત્યાં આવ્યા પહેલાં કનાનમાં રહેતી પ્રજાઓમાંની એક પ્રજા. મૂસા જ્યારે ઈસ્રાએલીઓને રણમાં દોરતો હતો ત્યારે તેઓને ડરાવવાવાળા આ અમોરીઓ હતાં.

**અરારાટ** અથવા "ઉરાર્તુ" પૂર્વીય તુર્કસ્તાનનો એક પ્રદેશ.

**અરામી (આરમેઈક)** બાબિલ સામ્રાજ્યની સત્તાવાર ભાષા.

**અલીએઝેર** આ શબ્દનો અર્થ "મારા દેવ મદદ કરે છે."

**અશેરા સ્તંભ** અશેરા દેવીના સન્માન માટે વપરાતાં સ્તંભો. લોકો માનતાં કે તેમને સંતતિ મેળવવા માટે તે મદદ કરતી.

**અશ્તારોથ** કનાની લોકોની આ પ્રેમની અને યુદ્ધની દેવી હતી. તેઓ માનતાં કે આ દેવી તેમને સંતાનો આપશે.

**અશેરાહ** મહત્વની કનાની લોકોની દેવી લોકો માનતાં કે તે "અલની પત્ની હતી" અથવા બઆલની પ્રેમિકા હતી.

**અશુદ્ધ** અથવા "અસ્વીકાર્ય" શુદ્ધ નહીં અથવા દેવની ઉપાસના વાપરી ન શકાય તેવું જુઓ લેવીઓ 11–15. જૂના કરારના નિયમો વિષે "શુદ્ધ અને અશુદ્ધ વસ્તુઓ!

## આ

**આકશની રાણી (સ્વર્ગની રાણી)** સંભવત મિથ્યા દેવી એશ્તોરેથ તેણી યુદ્ધ અને કામની દેવી હતી. મેસોપોટેમિયાના લોકો તેની પૂજા કરતાં હતાં તેઓ તેને આકાશના તારા જેવો લાગતો શુક્રનો ગ્રહ માનતાં હતાં.

**આખોર** આ શબ્દનો અર્થ થાય છે, "મુશ્કેલીઓ."

**આદમ** નામનો અર્થ થાય છે "માણસ" અથવા લોકો જે હિબ્રુ શબ્દનો અર્થ "પૃથ્વી" અથવા "લાલમાટી" થાય છે તેના જેવું.

**આબીબ** આ શબ્દનો અર્થ છે, "અનાજના કણસલાં" આ "નિસ્સાન" તરીકે પણ ઓળખાતા યહૂદી પંચાગનો પ્રથમ મહીનો છે. સામાન્યરીતે તે માર્ચ-એપ્રિલ મહીનામાં આવે છે.

**આમીન** હિબ્રૂ શબ્દ જેનો અર્થ થાય છે, "ખરેખર" અથવા "આ સાચું છે" આ શબ્દ બતાવે છે કે વ્યકિત, જે કહેવાયું છે તેની સાથે સમ્મત થાય છે.

**આય** આ શબ્દનો અર્થ "ખંઢેર" થાય છે.

**આશેર** આ શબ્દનો અર્થ થાય છે "આશીર્વાદિત" અથવા "સુખી."

**આવેનની ખીણ** આ શબ્દનો અર્થ "ફુરસદની ખીણ," અથવા "દુર્ભાગ્યની ખાલી ખીણ" એવો થાય છે.

**આશ્કલોન** પલિસ્તીનનાં પાંચ શહેરોમાંનું એક.

**આહાઝ** યહૂદાનો એક રાજા હતો જેણે ઈસ્વીસન પૂર્વે 735–727 સુધી શાસન કર્યુ હતું.

## ઈ

**ઈબ્રામ** આનો અર્થ થાય છે "સન્માનિત પિતા."

**ઈબ્રાહિમ** આનો અર્થ થાય છે "મહાન પિતા" અથવા તો "ઘણા લોકોનો પિતા."

**ઈમ્માનુએલ** આ શબ્દનો અર્થ થાય છે, "દેવ આપણી સાથે છે."

**ઈશ્માએલ** આનો અર્થ થાય છે "દેવ સાંભળે છે."

**ઈસહાક** આનો અર્થ થાય છે "તે હસે છે" અથવા તો "તે ખુશ છે."

## ઉ

**ઉચ્ચસ્થાન** દેવની અથવા તો મિથ્યા દેવની પૂજા કરવાનું સ્થળ. આ સ્થાનકો સામાન્ય રીતે ટેકરીઓ અને પર્વતો ઉપર હતાં.

**ઉઝિઝયા** યહૂદાનો એક રાજા જેણે ઈસ્વીસન પૂર્વે 767–740 સુધી શાસન કર્યુ હતું.

**ઉરીમ અને તુમ્મીમ** યાજકો દ્વારા દેવનો જવાબ જાણવા માટે વપરાતાં હતાં તે સામાન્ય રીતે પથ્થર લાકડી અથવા હાડકાંના ટૂકડા વગેરે જે પાસાની જેમ નાખવામાં આવતાં હતાં.

## એ

**એન-હાક્કોર** આ શબ્દનો અર્થ "જે બોલાવે છે તેનું ઝરણું" એવો થાય છે.

**એફોદ** આપણે ચોક્કસ જાણતાં નથી કે આ શું હતું આ કદાચ ખાસ પહેરણ કે અંગરખો જેવો ઈસ્રાએલનો મુખ્ય યાજક પહેરતો હતો (નિર્ગમન 28) અથવા તે કોઈ મૂર્તિ હશે.

**એફ્રાઈમ** આ તે હિબ્રૂ શબ્દ જેવો છે જેનો અર્થ "બીજીવાર ફળદાયક" થાય છે. યૂસફનો નાનો દીકરો, એફ્રાઈમનું કુટુંબ ઈસ્રાએલમાં કુળસમૂહ બની ગયું. અહીંયા આ શબ્દ ઉત્તર ઈસ્રાએલના રાજ્ય માટે વપરાયો છે.

**એબ-બેરીથ** દેવના આ નામનો અર્થ "કરારના દેવ" એવો થાય છે.

**એબેન-એઝેર** મૂળ પ્રમાણે : "સહાયશિલા."

**એસાવ** આ નામ તે શબ્દ બરાબર છે જેનો અર્થ થાય છે "રૂવાટી વાળું"

**એશ્કોલ** આ શબ્દનો અર્થ હિબ્રૂ ભાષામાં "દ્રાક્ષનો ઝૂમખો" થાય છે.

## ઓ

**ઓમ્રી** ઈસ્રાએલનો એક રાજા જે તેની પ્રજાને મિથ્યા દેવની પૂજા કરવા માટે દોરતો હતો. જુઓ 1 રાજાઓ 16:21–26.

## ક

**કનાન** હામનો પુત્ર. કનાનના લોકો પલિસ્તી, લેબેનોન અને અરામના કાંઠે વસતા હતાં. પછીથી, દેવે આ ભૂમિ ઈસ્રાએલના લોકોને આપી.

**કમોશ** "કમોશ" મોઆબીઓના દેવ હતાં.

**કરારકોશ** અથવા "કરાર નામાની પેટી" જેમાં સપાટ પથ્થરો ઉપર "દસ આજ્ઞાઓ" લખવામાં આવી હોય અને એ બધી વસ્તુઓ જે દેવનો ઈસ્રાએલના લોકો સાથે સિનાયના રણમાં હોવાનું પૂરવાર કરે છે.

**કરેથીઓ** અથવા ક્રેટના લોકો. શક્યતઃ આ પલિસ્તીની છે. પરંતુ દાઉદના કેટલાક શ્રેષ્ઠ સૈનિકો કરેથીઓ હતાં.

**કરેથીઓ અને પેલેથીઓ** તેઓ દાઉદના વિશેષ અંગરક્ષકો હતાં પ્રાચીન આર્મેનીક ભાષાંતર પ્રમાણે "ધર્નુધારી અને પથ્થરો ફેંકનારાઓ" આનો અર્થ એ થાય કે આ લોકો ધનુર્વિધા અને તીર તથા ગોફણ વાપરવા માટે કેળવાયેલા હતાં.

**કરૂબ દેવદૂતો** દેવના ખાસ દેવદૂતો આ દેવદૂતોના પૂતળા યહોવાના કરાર કોશની ઉપર મૂકેલાં હતાં.

**કાઈન** હિબ્રુ શબ્દ જેનો અર્થ "બનાવવું અથવા "મેળવવું" એવો થાય છે.

**કાદેશનું અરણ્ય** અથવા ""અરામમાં આવેલું રણ" આનો અર્થ કદાચ "પવિત્ર રણ" એવો પણ થતો હશે.

**કાર્મેલ** આ શબ્દનો અર્થ "દેવની દ્રાક્ષાવાડી" એવો થાય છે. ઉત્તરી ઈસ્રાએલમાં આ નામનાં કેટલાંક પર્વતો અને નગરો આવેલાં છે.

**કાર્મેલ પર્વત** ઉત્તરી ઈસ્રાએલમાં આવેલો પર્વત. આ શબ્દનો અર્થ થાય છે "દેવની દ્રાક્ષાવાડી" આ બતાવે છે કે તે ખૂબ ફળદ્રુપ ટેકરી હતી.

**કાબૂલ** આ હિબ્રૂ શબ્દોનો અર્થ થાય છે "મૂલ્યહીન"

**કિશોન નદી** તાબોર પર્વત ઉપરથી નીકળતી લગભગ દસ માઈલ લાંબી નદી.

**કેશવાળી** ઘોડાની ડોક પર આવેલો વાળનો જથ્થો.

**કોઢનો રોગ (કુષ્ટ રોગ)** હિબ્રૂ શબ્દ જેનો અર્થ ફૂગ વાળો કોઢ જેવો ભયાનક ચર્મરોગ આપણે જેને કુષ્ટ રોગ કહીએ છીએ તે નહીં.

**કૂશ** અથવા "ઈથિયોપીયા" રાતા સમુદ્રને કિનારે આફ્રિકા ખંડમાં આવેલો એક દેશ.

**કોરેશ રાજ્યનું પહેલું વર્ષ** સંભવત: આ ઈસ્વીસન પૂર્વે 539 હશે.

## ખ

**ખડક** યહોવા માટે વપરાતો શબ્દ. આ બતાવે છે કે તે કિલ્લા જેવો છે અથવા તો સુરક્ષાના મજબૂત સ્થાન જેવો છે.

**ખાલદી લોકો** બાબિલનું મહત્વનું કુળસમૂહ. બાબિલનો રાજા આ કુળ કુટુંબમાંથી આવતો. ખાલદીઓ શિક્ષીત લોકો હતાં તેઓ વિજ્ઞાન, ઈતિહાસ, ભાષાઓ અને ખગોળશાસ્રના અભ્યાસી હતાં. પરંતુ તેઓ એમ પણ માનતાં કે તેઓ જાદુ કરી શકે છે અને આકાશના તારાઓ જોઈને ભવિષ્યમાં શું થવાનું છે તે વિષે કહી શકતાં હતાં.

## ગ

**ગર્શોમ** આ શબ્દનો અર્થ હિબ્રૂ ભાષામાં "ત્યાં એક અજાણ્યો" થાય છે.

**ગાદ** આ શબ્દનો અર્થ છે "નસીબવંતું" અથવા "ભાગ્યશાળી."

**ગાથ** પલિસ્તીનની રાજધાનીનું શહેર.

**ગિબિયાહ હાલોથ** આ શબ્દનો અર્થ થાય છે, "સુન્નત ની ટેકરી."

**ગિલ્ગાલ** આ શબ્દનો અર્થ "ગબડવું" એવા હિબ્રૂ શબ્દ સમાન થાય છે.

**ગિલ્ગાલ** ઈસ્રાએલમાં આવેલું એક નગર જ્યાં મિથ્યા દેવો પૂજાતાં હતાં.

**ગિબયાહ, રામા** યહૂદાની ઈસ્રાએલ સાથેની સરહદ પરની ટેકરીઓ.

**ગેરીઝીમ પર્વત** આ પર્વત બરોબર શેકેમ શહેરની બાજુમાં આવેલો છે.

**ગેંડા (બેહેમોથ)** આ ક્યું પ્રાણી છે તે વિષે ચોક્કસ જાણકારી નથી. તે કદાચ જળઘોડો કે હાથી હશે.

**ગોફણ** પથ્થરો ફેકવા માટેનો ચામડાનો પટ્ટો.

**ગોમેર** શાબ્દિક રીતે "એક સ્ત્રી."

## ચ

**ચર્મરોગ** શાબ્દિક રીતે "કુષ્ઠ રોગ" આ હિબ્રૂ શબ્દનો અર્થ ઘણા પ્રકારના ચર્મરોગ એવો થાય છે.

**ચંદ્રદર્શનની ઉજાણી** યહૂદી મહિનાનો પહેલો દિવસ. આ આરામ અને પૂજાનો ખાસ દિવસ હતો. લોકો ભેગા મળીને શાંત્યાર્પણોમાં ભાગ લેતાં જેમ તેનું વર્ણન કર્યુ છે તે લેવી 7:16– 21 મુજબ

**ચિઠ્ઠીઓ** નિર્ણયો લેવા માટે પાસા તરીકે વપરાતી લાકડીઓ, પથ્થરો કે હાડકાંના ટુકડાઓ– જુઓ ગીતશાસ્ત્ર– 16:33.

## છ

**છાપરાં** ઈસ્રાએલમાં છાપરાં સપાટ રહેતાં હતાં અને લોકો તેનો ઉપયોગ વધારાની ઓરડી તરીકે અથવા કોઠાર તરીકે કરતાં.

## જ

**જાવેલીન** ભાલા જેવું હથિયાર.

**જીવનવૃક્ષ** એવું વૃક્ષ જેના ફળો લોકોને અમર રહેવાનું સામર્થ્ય આપે છે. જુઓ ઉત્પતિ. 3:12.

**જુબિલી** આ શબ્દ હિબ્રૂ શબ્દ "શિંગડા" ઉપરથી ઊતરી આવ્યો છે. જે આ અવસર પર ફૂંકીને વગાડવામાં આવતું હતું.

## ઝ

**ઝરુબ્બાબેલ** તે શેશબાસ્સાર તરીકે પણ ઓળખાય છે.

**ઝેરાહ** આ શબ્દનો અર્થ " પ્રકાશિત" થાય છે.

## ટ

**ટીપણું** ચામડાનું અથવા કાગળનું લાંબુ ફીંડલુ, જે પુસ્તકો, પત્રો નથા કાનૂની દસ્તાવેજો લખવા માટે વપરાતું હતું.

## ત

**તાર્શીશ** આ સંભવત: સ્પેનમાં આવેલું એક નગર છે. તે પશ્ચિમ દિશામાં એટલું દૂર હતું કે જ્યાં સુધી પ્રબોધક યોનાહ મુસાફરી કરી શકતો. નિનવેહ ઈસ્રાએલની પૂર્વ બાજુએ આવ્યું હતું.

**તીથે** એટલે લોકોના અનાજની ઉપજનો કે ઢોરોનો દસમો ભાગ.

**તે હું છું** હિબ્રૂમાં દેવ માટે આ વપરાય છે. આ બતાવે છે કે દેવ અમર છે અને તે સદાય તેના લોકોની સાથે છે. જુંઓ નિર્ગમન.3:13–17.

**તેમાન** આ શહેર અદોમની પૂર્વ તરફ આવેલું હતું.

## દ

**દાન** આ શબ્દનો અર્થ છે "નક્કી કરવું" અથવા "ન્યાય કરવો."

**દાસી** અથવા "ઉપપત્ની "– ગુલામ સ્ત્રી જે એક માણસની ઉપપત્ની તરીકે રહેતી.

**દાગોન** કેનાની લોકોએ આ મિથ્યા દેવની પૂજા કરી હતી એવી આશા રાખીને કે તે તેમને અનાજની ઉત્તમ કાપણી આપશે. આ શક્યત:પલિસ્તીનીઓના સૌથી મહત્વના દેવ હતાં.

**દાગોન** પલિસ્તીની લોકોના રાષ્ટ્રીય દેવ. તેનું માથું હાથ, અને શરીર માણસ જેવું હતું અને તેનું નીચેનું શરીર માછલીની પૂંછડી જેવું હતું.

**દ્રષ્ટા** દેવની વાણી ઉચ્ચારતા એક પ્રકારના પ્રબોધકો. આ શબ્દ બતાવે છે કે પ્રબોધકો સંદર્શનની વસ્તુઓ જોઈ શકતાં હતાં.

**દ્રાક્ષારસ સેવક (પાત્રવાહક)** ખૂબ અગત્યની કામગીરી. આ વ્યકિત રાજાની ખૂબ અંગત રહેતી હતી. તે રાજાને આપવામાં આવનાર દ્રાક્ષારસને ચાખીને તેમાં વિષ તો ભેળવ્યું નથી તેની ખાતરી કરતો હતો.

**દેવના પુત્રો (યહોવા પુત્રો)** અથવા "દેવના દીકરાઓ" સંભવત, આનો અર્થ થાય છે "દેવદૂતો" જેઓ સ્વર્ગમાં દેવની ઉપાસના કરતાં યાજકો જેવા હતાં.

## ન

**નફતાલી** આ શબ્દનો અર્થ છે "મારી સંઘર્ષ."

**નાઝીરી** એ વ્યકિત જેણે દેવને વિશેષ વચન આપ્યું છે આ શબ્દ હિબ્રૂ શબ્દ જેનો અર્થ "અલગ થવું" થાય છે તેના ઉપરથી ઊતરી આવ્યો છે.

**નાઓમી** આ શબ્દનો અર્થ થાય છે "સુખી" અથવા " આનંદદાયક"

**નાબાલ** આ શબ્દનો અર્થ "મૂર્ખ" થાય છે.

**નિનવેહ** આસ્સૂરની રાજધાની. આસ્સૂરના સૈન્યએ ઉત્તરી ઈસ્રાએલનો ઈ.સ પૂર્વે 723–721 માં નાશ કર્યો હતો.

**નેગેબ** યહૂદીયાની દક્ષિણે આવેલો રણ પ્રદેશ.

**નેફીલીમ** હિબ્રુ શબ્દ જેનો અર્થ થાય છે "લોકો જેઓ પડ્યા છે." પછીથી નેફીલીઓ વિશાળ લડાયક માણસોનું કુટુંબ હતું જુઓ ગણના– 13: 32–33.

**નેફિલીમ** કદાવર અને શકિતશાળી લડાયક માણસોનું કુળ કુટુંબ. જુઓ ઉત્પત્તિ 6:2-4.

**નેબો** "મોઆબ દેશનું એક શહેર" અને એક મિથ્યા દેવનું નામ.

**નેબો પર્વત** ઈસ્રાએલની પૂર્વે આવેલ મોઆબમાં આવેલો પર્વત.

**નોદ** આ શબ્દનો અર્થ "ભટકવું" એવો થાય છે.

**નૂહ** આ શબ્દનો અર્થ થાય છે "આરામ."

## પ

**પડદો** આ પડદો, તે મોટો કપડાનો ટૂકડો જે પવિત્રસ્થાન અને પરમપવિત્ર સ્થાનની વચ્ચે લટકાવાયેલો હતો, જેથી કોઈપણ વ્યકિત, યહોવાનો પવિત્ર કરારકોશ, અને તેની ઉપર કોતરેલા કરૂબ દેવદૂતોને જોઈ ન શકે.

**પરમ પવિત્રસ્થાન** જ્યાં યહોવાનો કરારકોશ મૂકવામાં આવ્યો હતો તે અંદરની ઓરડી તે સ્થળને "પવિત્રોનું પવિત્ર" સ્થાન તરીકે પણ ઓળખવામાં આવે છે આ એક આધ્યાત્મિક જગ્યા છે જ્યાં દેવ વસે છે અને તે પૂજાય છે.

**પહેલો મહિનો (માસ)** "નિસ્સાન" યહૂદી પંચાગનો પ્રથમ મહિનો – તે માર્ચ–એપ્રિલ દરમ્યાન આવતો હતો.

**પવિત્ર મંડપ** અથવા "મંડપ" જ્યા દેવ તેના લોકોની વચ્ચે વસવા આવતાં હતાં.

**પવિત્ર મંદિર** આ શિલોહમાં આવેલો પવિત્રમંડપ હોઈ શકે. જ્યાં લોકો યહોવાની ઉપાસના કરવા જતા. અથવા તો એ વિશાળ જગ્યા જ્યાં પવિત્રમંડપ બનાવ્યો હતો.

**પવિત્ર પર્વત** એ પર્વત જેના ઉપર યરૂશાલેમ નગર બંધાયેલું છે.

**પવિત્ર કોશ** અથવા "કરારનામાની પેટી" આ કોશમાં સપાટ પથ્થરો છે જેના પર "દશઆજ્ઞા" લખેલી છે. આ અને બીજી બધી વસ્તુઓ જે સાબિત કરે છે કે સિનાયના રણમાં દેવ ઈસ્રાએલના લોકોની સાથે હતાં.

**પાસ્ખા** આ હિબ્રૂ શબ્દનો અર્થ છે, "ઠેકી જવું" અથવા "પસાર થઈ જવું" અથવા "રક્ષણ કરવું."

**પાસ્ખાપર્વ** અગત્યનો યહૂદી તહેવાર દરેક વસંત ઋતુમાં આ દિવસે તેઓ, મિસરની ગુલામીમાંથી યહોવાએ તેમને મુક્ત કર્યા છે તે યાદ રાખવા વિશેષ ભોજન આરોગે છે.

**પાયાસન** અહીં શક્યત: મંદિર એવો અર્થ થાય છે.

**પેરેસ–ઉઝઝા** એટલે ઉઝઆહ ખાતે ઉભરો.

**પેલેગ** આ શબ્દનો અર્થ થાય છે "વિભાગ."

**પેરેસ** આ શબ્દનો અર્થ "ફાટી નીકળવું" થાય છે.

**પુસ્તક** આ "જીવનનું પુસ્તક" જેમાં દેવના માણસોના બધાં નામ લખાયેલાં છે.

**પૂર્વજો (પિતૃઓ)** શાબ્દિક રીતે પિતૃઓ આનો અર્થ કે એક વ્યક્તિના મા- બાપ, દાદા–દાદી અને તે બધાં લોકો જેઓ તેના વંશજોમાંથી ઉતરી આવેલા હોય.

**પ્રથમ વર્ષ** અર્થાત ઈસ્વીસન પૂર્વે 538.

### ફ

**ફારુન** મિસરના રાજા માટે વપરાતો ખિતાબ. આનો અર્થ થાય છે, "મહાન કુટુંબ"

### બ

**બઆલ** કનાની લોકો એવી માન્યતા ધરાવતા કે આ "મિથ્યા દેવો" વરસાદ અને તોફાન લાવે છે. તેઓ એવું પણ માનતા કે તેણે જ ભૂમિને ફળદ્રૂપ બનાવી છે.

**બઆલ પરાસીમ** આ શબ્દનો અર્થ "યહોવા તોડી પાડે છે" થાય છે.

**બઆલ–બરીથ** આ દેવના નામનો અર્થ છે "કરારના યહોવા."

**બરાખાહ** આ શબ્દનો અર્થ થાય છે "આશીર્વાદ" અથવા "સ્તુતિ."

**બરીઆહ:** "ભાગ્યહીન."

**બદોલાખ** એક જાતનો કિંમતી, મધુર સુગંધિત ગુંદર.

**બઆલ** કેનાની લોકો જેની પૂજા કરતાં તે "મિથ્યા દેવ."

**બાબિલ** અથવા બેબિલોન આ શબ્દનો અર્થ "ગૂંચવણ" થાય છે.

**બિન્યામીન** અથવા બેન્જામીન– આ શબ્દનો અર્થ "જમણા હાથનો (માનીતો) પુત્ર" થાય છે.

**બેન–આમ્મી** હિબ્રુમાં આનો અર્થ થાય છે "મારા પિતાનો પુત્ર" અથવા "મારીપ્રજાનો પુત્ર."

**બેરશેબા** આનો અર્થ છે "સોગંદનો કૂવો."

**બેખમીર રોટલીનું પર્વ** પાસ્ખાપર્વ અને તેનાં પછીનું અઠવાડિયું લોકો, દેવે તેમને મિસરમાંથી બહાર દોર્યા હતાં તે યાદ રાખવા બેખમીર રેટલી (યીસ્ટ નાખ્યા વગરની રોટલી) ખાતાં હતાં. લોકો એટલી ઉતાવળમાં હતાં કે રોટલીનો આથો આવે એટલી વાર પણ રાહ જોઈ શકતા ન્હોતા.

**બેથેલ** ઈસ્રાએલનું એક નગર આ શબ્દનો અર્થ "દેવનું ઘર" થાય છે.

**બેનોની** આ શબ્દનો અર્થ "મારા કષ્ટોનો પુત્ર" થાય છે.

**બેશીલાઓ** આ બે શીલાઓ હતી જેના ઉપર દેવે "દસ આજ્ઞાઓ" લખી હતી.

**બેલ્શાસ્સાર રાજા હતો તે પ્રથમ વર્ષ** આ શક્યત: ઈસ્વીસન પૂર્વે 553 છે.

**બોખીમ** આ શબ્દનો અર્થ "રડતાં લોકો" એવો થાય છે.

**બોઆઝ** હિબ્રૂ ભાષામાં "બોઆઝ" શબ્દનો અર્થ થાય છે, "તેનામાં સામર્થ્ય છે."

### ભ

**ભુવાઓ** જે વ્યક્તિ દુષ્ટાત્માઓનો ઉપયોગ કરીને જાદુટોણાં કરે છે.

### મ

**માન્ના** ઈસ્રાએલની પ્રજા જ્યારે 40 વર્ષ સુધી રણમાં ભટકતી હતી ત્યારે દેવે મોકલાવેલો વિશેષ ખોરાક.

**મરીબાહ** આ શબ્દનો અર્થ થાય છે "વાદવિવાદ" અથવા "વિદ્રોહ."

**મનશ્શા** આ તે હિબ્રૂ શબ્દ જેવો છે જેનો અર્થ "ભૂલી જવું" થાય છે.

**મનુષ્ય પુત્ર** "માણસો" અથવા "લોકો" માટે વપરાતો સામાન્ય શબ્દ હઝકિયેલ પણ અહીં આ શબ્દ માટે વપરાયો છે.

**મૃત્યુની જગ્યા** શાબ્દિક રીતે "ખાડો." "શેઓલ" તરીકે પણ ઓળખાય છે, એવી માન્યતા છે કે લોકો મૃત્યુ પામીને આ જગ્યાએ જાય છે.

**માંડવાપર્વ** આ સુક્કોથ" અથવા "ટાબેર નકલસની ઉજાણી" તરીકે પણ ઓળખાય છે. આ સમયે, પ્રાચીન ઈસ્રાએલમાં યહૂદીલોકો યરૂશાલેમમાં જતાં અને ત્યાં તંબૂ તાણીને પડાવ નાખીને કામચલાઉ નિવાસોમાં રહેતાં અને સિનાયના રણમાં તેમણે પસાર કરેલો સમય યાદ કરતાં. જુઓ: નિર્ગમન: 23: 16; લેવીઓ 23:34–36,43.

**મારાહ** આ શબ્દનો અર્થ થાય છે "કડવું" અથવા "ઉદાસ"

**માસ્સાહ** આ શબ્દનો અર્થ થાય છે, "પરીક્ષણ" અથવા "પરીક્ષા" અથવા "તપાસ."

**મારાહ** આ શબ્દનો અર્થ થાય છે "કડવું."

**માન્ના** દેવ દ્વારા મોકલાયેલો વિશેષ ખોરાક જ્યારે ઈસ્રાએલના લોકો રણમાં 40 વરસો સુધી ભટકતાં હતાં.

**માધ્યમ** એ વ્યક્તિ જે મૃતાત્માઓ સાથે વાત કરવાની કોશિશ કરે છે.

**મારા દીકરા** નીતિવચનોનું આ પુસ્તક કિશોરાવસ્થામાંથી યૌવનમાં પ્રવેશી રહેલા કિશોરને ઉદેશીને લખાયેલું છે. જે દેવનો આદર અને પ્રેમ કરે છે તેવો જવાબદાર યુવાન કેવી રીતે બનવું તે આ પુસ્તક શિખવાડે છે.

**મિસરાઈમ** આ મિસરનું અન્ય નામ છે.

**મિલ્લો** શક્યત આ શેકેમ શહેરનો સુરક્ષિત ભાગ હતો. તે કદાચ શહેરની અંદર જ હશે અથવા શહેરની આજુબાજુ હશે.

**મિલ્લો** સંભવત: ઊભો કરેલો એક માટીનો ચબૂતરો હતો જે યરૂશાલેમમાં મંદિરના અગ્નિખૂણામાં હતો.

**મિલ્કોમ** અમ્મોનીઓના દેવ.

**મુલાકાત મંડપ** એ "પવિત્ર મંડપ" (તંબુ) જ્યાં ઈસ્રાએલના લોકો દેવને મળવાના હોય છે.

**મુક્તિનું વર્ષ** "જ્યુબિલી" તરીકે પણ ઓળખાય છે. દર પચાસ વર્ષે ઈસાએલીઓએ તેમના ગુલામોની મુક્તિ કરવી જોઈએ જો તેઓ ઈસ્ત્રાએલીઓ હોય તો તે લોકો ઈસ્ત્રાએલી લોકોને તેમની બધી મૂળ જમીન પાછી સોંપી દેતાં હતાં.

**મેઉનીઓ** થોડાં પ્રાચીન ગ્રીક ભાષાંતરોમાં "મેઉનીઓ" શબ્દ વપરાયો છે જ્યારે હિબ્રૂ ભાષામાં "અમ્મોનીઓ" શબ્દ વપરાયો છે.

**મેમ્ફીઓ અને તાહપન્હેસ** મિસરના બે નગરો.

**મેરોદાખ** "મેરોદાખ" બાબિલ વાસીઓનો સૌથી મહત્વનો દેવ હતો.

**મોઆબ** હિબ્રુ ભાષામાં આનો અર્થ થાય છે "પિતા તરફથી."

**મોલેખ** મિથ્યા દેવ. લોકો ઘણી વખત આ મોલેખ દેવની પૂજા માટે પોતાના સંતાનોનો વધ કરતાં હતાં.

## ય

**યખીન** હિબ્રૂ ભાષામાં યકીન શબ્દનો અર્થ થાય છે, "તે સ્થાપે છે."

**યશાયા** અથવા "આઈસયા."

**યહૂદા** આ શબ્દનો અર્થ છે, "તે સ્તુત્ય છે."

**યજ્ઞ** "દેવને ભેટ." સામાન્ય રીતે વેદી ઉપર વધેરાતું અને દહનાર્પણ કરાતું ખાસ પ્રાણી.

**યહોવાનું ગૌરવ** દેવ દ્વારા વપરાતી એક પ્રકારની સંરચના જ્યારે તેઓ લોકો સમક્ષ દર્શન દેતાં તે ઉજ્જવળ ચળકતાં પ્રકાશ જેવી હોય છે.

**યહોવાના મંદિર** આ શિલોહમાં આવેલો પવિત્રમંડપ હોઈ શકે. જ્યાં લોકો યહોવાની ઉપાસના કરવા જતા. અથવા તો એ વિશાળ જગ્યા જ્યાં પવિત્રમંડપ બનાવ્યો હતો.

**યહોવાનું ઘર** યરૂશાલેમમાં આવેલા યહોવાના મંદિરનું અન્ય નામ.

**યહોવાનું ટોળુ** યહૂદાના લોકો માટેની એક ઉપમા છે. યહોવાને એક ભરવાડ ઘેટાપાલક તરીકે કલ્પ્યા છે અને તેના અનુયાયીઓને ઘેટાના ટોળા તરીકે ઉપમા આપી છે.

**યરૂશાલેમની કુંવારી પુત્રી** યરૂશાલેમ નગરનું અન્ય પ્રતીકાત્મક નામ.

**ય હોઆહાઝ** "અહાઝ્યા" તરીકે પણ લખાય છે.

**યાઅઝાન્યા** તે સમયે તે રેખાબી કુળસમૂહનો વડો હતો રાજા નબૂખાદનેસ્સાર આ ખાલ્દિયોના કુળકુટુંબનો હતો. તે સમયે બાબિલનો પ્રદેશ આ કુટુંબના તાબામાં હતો.

**યાફા** ભૂમધ્ય સમુદ્રની પાસે આવેલા ઈસ્રાએલના કિનારે આવેલું નગર.

**યાકૂબ** આ નામ હિબ્રુ શબ્દ જેવું છે જેનો અર્થ થાય છે "એડી" તેનો અર્થ "જે અનુસરે છે" અથવા "યુક્તિબાજ" એવો પણ થાય છે.

**યાહ** આ દેવ માટેનું હિબ્રૂ નામ છે. સામાન્ય રીતે યહોવા (લોર્ડ) શબ્દ માટે હિબ્રૂમાં આ ભાષાંતર કરાય છે.

**યિઝ્રએલ** આ શબ્દનો હિબ્રૂ ભાષામાં અર્થ થાય છે "દેવ બી રોપશે."

**યૂસુફ** અહીં આ શબ્દનો અર્થ "યૂસુફનું કુટુંબ" એટલે કે ઈસ્રાએલના લોકો એવો થાય છે.

**યૂના** આ સંભવત: રાજાઓ–2 માં સૂચવ્યા મુજબનો તે જ પ્રબોધક છે. (રાજાઓ–2–14:25).

**યેશૂરુન** આ ઈસ્રાએલનું અન્ય નામ છે. આનો અર્થ થાય છે "ઉમદા" અથવા "પ્રમાણિક."

**યેરૂબ્બઆલ** આ હિબ્રૂ શબ્દનો અર્થ થાય છે "ભલે બઆલ વિવાદ કરે." આ જ ક્રિયાપદ "કોઈનો પક્ષ લેવો" અને "બચાવ કરવો." એવો થાય છે.

**યોઆબ અને અબીશાય** અશ્શેલ– જેને આબ્નેરે માર્યો હતો– તેના ભાઈઓ.

**યોથામ** યહૂદાનો એક રાજા હતો જેણે ઈસ્વીસન પૂર્વે 740–735 સુધી શાસન કર્યુ હતું.

## ર

**રક્ષકો** પ્રબોધકોનું અન્ય નામ. આ બતાવે છે કે પ્રબોધકો નગર દીવાલ ઉપરના રક્ષકો જેવા હતાં જેઓ નગર ઉપર દૂરથી આવતી આફતોનું ધ્યાન રાખતાં હતાં.

**રહાબ** "અજગર" અથવા "સમુદ્રી દૈત્ય." લોકો માનતાં કે રહાબ સમુદ્રોને નિયંત્રણમાં રાખે છે. ઘણી વખત "રહાબ" દેવના શુત્રના પ્રતીક તરીકે અથવા તો કોઈપણ અનિષ્ટ વસ્તુ માટે વપરાય છે.

**રથોનું શહેર** ઘોડાઓ અને રથો રાખવાની ખાસ જગ્યાઓ વાળું શહેર.

**રામાથ-લેહી** આ શબ્દનો અર્થ થાય છે "જડબાના હાડકાની ઉંચાઈ"

**રાખમાં બેઠા** લોકો, પોતે ઉદાસ છે તેમ બતાવવા માટે આ પ્રમાણે કરતાં હતાં.

**રાહેલ** યાકુબની પત્ની અહીં એ વિશાળ અર્થમાં કે બાબિલ સામેના યુદ્ધમાં જેમના પતિઓ અને બાળકો મૃત્યુ પામ્યા છે તે બધીજ સ્ત્રીઓ.

**રેઉએલ** તે યેથ્રો પણ કહેવાય છે.

**રેખાબી કુટુંબ** રેખાબના પુત્ર યોનાદાબમાંથી ઉતરી આવેલા લોકોનો સમૂહ આ કુટુંબ યહોવાને ખૂબ વફાદાર હતું. યોનાદાબની કથા માટે જુઓ 2 રાજાઓ. 10:15-28.

**રૂબેન** આ શબ્દનો અર્થ "જો, એક પુત્ર" થાય છે.

## લ

**લહિયા** પત્રો અને પુસ્તકો લખનાર અને તેની નકલો કરનાર માણસો. તે લોકો આ લખાણો સાથે એટલો બધો સમય પસાર કરતાં હતાં કે તેઓ આ બધાં લખાણના વિશેષજ્ઞ થઈ જતાં.

**લાઈ** (ક્ષાર-સાબું) લાઈ સાબુ જેવું એક રસાયણ.

**લિબ્યાતાન** આ ક્યું પ્રાણી છે તે ચોક્કસ જાણકારી નથી. તે કદાચ મગર હશે અથવા તો કોઈ રાક્ષસી જળચર પ્રાણી હશે.

**લેવી** નામનો અર્થ થાય છે "સાથ આપવો," "સંલગ્ન હોવુ" અથવા "સંબંધિત હોવું."

**લેવીઓ** લેવી કુળસમૂહના લોકો જેઓ યાજકોને મદદ કરતાં હતાં.

**લોઢાનાં શિંગડા** આ, મહાન શકિતના પ્રતીકરૂપ હતાં.

**લોકોનો દરવાજો** આ કદાચ યરૂશાલેમના દરવાજાઓમાંનો એક દરવાજો હશે અથવા દેવના મંદિરમાં જવા માટે બિન-યાજકો દ્વારા ઉપયોગમાં લેવાનો મંદિરનો દક્ષિણ દરવાજો હશે.

**લો-રૂહામાહ** આ શબ્દનો હિબ્રૂ ભાષામાં અર્થ "તેણીને દયા મળતી નથી" એવો થાય છે.

**લો -આમ્મી** આ શબ્દનો હિબ્રૂ ભાષામાં "મારા લોકો નહીં" એવો અર્થ થાય છે.

**લો-દેબાર (શિંગોધારણ)** એક સ્થળનું નામ જેનો અર્થ થાય છે "કંઈપણ નહીં."

## વ

**વિશેષ મુલાકાત** ઈસ્રાએલીઓ વર્ષ અને મહિનાની શરૂઆત ક્યારે થઈ તે નક્કી કરવા માટે સૂર્ય અને ચંદ્રને ઉપયોગ કરતાં હતાં. અને ઘણા યહૂદી તહેવારો અને ખાસ મુલાકાતો ચંદ્રદર્શન અથવા તો પૂર્ણિમાને દિવસે યોજાતા હતાં.

**વિશ્રામના વિશેષ દિવસો** અથવા "સબ્બાથ" આ કદાચ શનિવાર હોઈ શકે અથવા તો તે બધાં વિશેષ દિવસો જ્યારે લોકોએ કામ કરવાનું ન હોય.

**વિશેષ તેલ** અથવા "અત્તર" આ કદાચ યાજકો, પ્રબોધકો અને રાજાઓ અભિષિકત કરવા માટે વપરાતું તેલ હશે. જુઓ નિર્ગમન: 30-22-38.

**વિશેષ દિવસ** દરેક મહિનાના પ્રથમ અને બીજો દિવસ તે ઉપાસના માટેના વિશેષ દિવસ કહેવાતા. આ દિવસે લોકો સાથે મળીને શાંત્યાર્પણના ભોજનો ખાતા.

**વિશેષ વસ્ત્રો** દેવની ઉપાસના કરવા માટે મંદિરમાં જતાં લોકો દ્વારા પહેરવામાં આવતાં વિશેષ વસ્ત્રો.

**વેદી** બલિદાનો અર્પણ કરવા માટે ઉભો કરેલો ઓટલો.

## શ

**શબાઈમ લોકો** રણ વિસ્તારનું લોકોનું એક ટોળું- તેઓ આવતાં જતાં લોકો ઉપર હુમલો કરીને તેમની વસ્તુઓ લૂંટી લેતાં.

**શિયાળ** કૂતરા જેવું જંગલી પ્રાણી આ પ્રાણી નિર્જન જગ્યામાં રહે છે.

**શિનઆર** એ સપાટ ભૂમિ જેની ઉપર બાબેલનો બુરજ અને બાબિલ નગર બાંધવામાં આવ્યું હતું.

**શેઓલ** આ એ જગ્યા છે જ્યાં બધાં મૃત લોકો જાય છે. સામાન્ય રીતે આનો અર્થ કબર થાય છે પણ "જ્યાં આત્માઓ જાય છે તે જગ્યા" એમ પણ કહી શકાય.

**શેથ** હિબ્રુ શબ્દ જેનો અર્થ "આપવું" એવો થાય છે.

**શેબા** ઈસ્રાએલની દક્ષિણે આવેલો પ્રદેશ. જ્યાં અત્યારનું સાઉદી અરેબિયા આવેલું છે. યર્મિયાના સમયમાં શેબા મરી-મસાલા-તેજાનાના વ્યાપાર ઉપર કાબૂ ધરાવતું હતું.

**શેશાખ** યર્મિયાએ આ નામ એક સાંકેતિક શબ્દ રૂપે સર્જ્યું હતું. આ લશ્કરમાં વપરાય તેવી સાંકેતિક પરિભાષા હતી "શેસેખ" એ "બાબિલ" માટે વપરાતો ગુપ્ત શબ્દ હતો.

**શેકેલ** એક શેકેલ બરાબર 2/5 ઔંસ.

**શેશાય, અહીમાન તાલ્માય** અનક નામે માણસના ત્રણ પુત્રો. તેઓ રાક્ષસી હતાં. જુઓ : ગણના 13:22

**શેશબાસ્સાર (યેરૂબ્બાબેલ)** સંભવત આ ઝેરૂબ્બાબેલ નામની વ્યક્તિ છે. આ નામનો અર્થ "બાબિલમાં અજાણ્યો" અથવા "તેણે બાબિલ છોડ્યું" એવો થાય છે. સંભવત: શેશબાસ્સાર તેનું અરામી નામ છે.

### સ

**સંદર્શન** સ્વપ્ન જેવું- દેવ તેના વિશેષ માણસોને સંદર્શનમાં કોઈ ચોક્કસ વસ્તુ વિશે દેખાડીને અને સંભળાવીને પોતાનો સંદેશો આપે છે.

**સંદર્શનની ખીણ** સંભવત યરૂશાલેમની નજીક આવેલી એક ખીણ.

**સદોમ, ગમોરાહ** દેવે વિનાશ કરેલા બે શહેરો કારણ કે ત્યાંના લોકો ઘણા દુષ્ટ હતાં.

**સમૂહો** અથવા "ટૂકડીઓ" આ લશ્કરી પરિભાષાનો શબ્દ છે. આ પરથી ખ્યાલ આવે છે કે ઈસ્રાએલ સૈન્યની જેમ સંગઠિત હતું.

**સ્મારક શિલા** લોકોને કોઈ વિશેષ ઘટના વગેરે યાદ રાખવા માટે ઉભા કરેલાં પથ્થરો. પ્રાચીન ઈસ્રાએલમાં લોકો પ્રાય: મિથ્યા દેવની પૂજા માટેના વિશેષ સ્થાન રૂપે પથ્થરોની સ્થાપના કરતાં હતાં.

**સમરૂન** આ,-અરામના શત્રુ ઈસ્રાએલનું પાટનગર હતું.

**સાલેમ** યરૂશાલેમનું અન્ય નામ. આ શબ્દનો અર્થ "શાંતિ" એવો થાય છે.

**સારાય** સંભવિત આર્મેનીક નામ જેનો અર્થ થાય છે "રાજકુમારી"

**સારા** હિબ્રુ શબ્દ જેનો અર્થ "રાજકુમારી" થાય છે.

**સાઈપ્રસ** શાબ્દિક રીતે "એલિશાહ" આ કદાચ સાઈપ્રસની બાજુમાં આવેલો એનોકોમીનો પ્રદેશ હશે અથવા તો તે કદાચ ગ્રીક ટાપુ હશે.

**સિયોન** યરૂશાલેમ જેની ઉપર બાંધવામાં આવ્યું છે તેને અગ્નિ ખૂણે આવેલો પ્રદેશ. કોઈકવાર આ શબ્દનો અર્થ "યરૂશાલેમમાં વસતા દેવના લોકો" એવો પણ થાય છે.

**સિયોનની પુત્રી** યરૂશાલેમ શહેરનું અન્ય નામ.

**સિર્યોન** અથવા "હર્મોન પર્વત."

**સિમયોન** આ શબ્દનો અર્થ "તે સાંભળે છે" થાય છે.

**સુન્નત** આગલા ભાગની ચામડી કાપી નાખવી યહોવા સાથે કરેલા કરારનો પોતે ભાગ છે એ બતાવવા માટે દરેક યહૂદી પુરુષ દ્વારા આ કરાવવામાં આવતી. જુઓ ઉત્પત્તિ 17:9-14.

**સુરક્ષાનું નગર (આશ્રય નગર)** એક વિશેષ નગર જ્યાં કોઈ ઈસ્રાએલી જો તેણે અકસ્માત કોઈનો વધ કર્યો હોય તો તેના ગુસ્સે ભરાયેલા સંબંધીઓથી બચીને અહીં રહી શકે. જુઓ યહોશુઆ.20:1–9. અને ગણના 35:6–34.

**સોનાનો રાજદંડ** રાજાના હાથમાંનો વિશેષ દંડ.

### હ

**હવા** નામ મુળ પ્રમાણે તે હિબ્રુ શબ્દની જેમ છે. જેનો અર્થ "જીવન" છેં.

**હણહણાટી** ઘોડા દ્વારા કરાતો અવાજ.

**હાર્નેટ** મોટી મધમાખી જેવું ગુંજતુ જીવડું. અહીં, "દેવનો દૂત" અથવા "તેનું મહાન સામર્થ્ય" કદાચ એ અર્થમાં

**હાર્સીથનો દરવાજો** આ દરવાજો ચોક્કસ કઈ જગ્યાએ આવેલો છે તેની જાણકારી નથી. ઘણું કરીને તે શહેરની નૈઋત્ય બાજુએ આવેલો હતો.

**હામ** મિસરના લોકો "હામ"ના વંશજો હતાં જુઓ ઉત્પતિ. 10: 6–10.

**હિબ્રૂ** "ઈસ્રાએલના લોકો" આ નામનો અર્થ "એબેરના વંશજો" (ઉત્પતિ 10:25–31) અથવા "ફ્રાંત નદીની પૂર્વ તરફના લોકો" એવો પણ હોઈ શકે.

**હિઝકિયા** યહૂદાનો એક રાજા હતો જેણે ઈસ્વીસન પૂર્વે 727–687 સુધી શાસન કર્યુ હતું.

**હિસોપ (ઝુપા)** કોમળ શાખાઓ અને પાંદડાવાળો એક છોડ જે શુદ્ધિકરણ વિધીઓ વખતે પાણી અથવા રક્તનાં છંટકાવ માટે વપરાતો હતો.

**હોર્માહ** આ શબ્દનો અર્થ થાય છે સંપૂર્ણ વિધ્વંસ અથવા "દેવને અપાતી સંપૂર્ણ ભેટ."

**હોર્સફલાય** ગાય અને ઘોડાની આજુબાજુ ગણગણતી અને તેને ડંખ દેતી માખીઓ



Copyright © 2004 by World Bible Translation Center




Copyright © 2004 by World Bible Translation Center




# ન્યાયાધીશોના વખતમાં પાલેસ્તાઈન

Copyright © 2004 by World Bible Translation Center




Copyright © 2005 by World Bible Translation Center

Copyright © 2004 by World Bible Translation Center



Copyright © 2004 by World Bible Translation Center

